

(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

બનાસકાંઠા જિલ્લાના વાવ તાલુકાના ધ્રેચાણા મુકામે આરોગ્ય અને પરિવાર કલ્યાણ તથા વાહનવ્યવહાર રાજય મંત્રીશ્રી શંકરભાઈ ચૌધરીના હસ્તે વાવ તાલુકામાં નર્મદા યોજનાની સબમાઈનોર કેનાલના બાંધકામનું ખાતમુર્હુત કરવામાં આવ્યું હતું. આપણા લોકપ્રિય વડા-પ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ સત્તાનાં સૂત્રો સંભાળીને તરત જ માત્ર ૧૭ દિવસમાં જ નર્મદા ડેમના દરવાજા મુકવાની પરવાનગી આપતાં મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલની સુચના અને માર્ગદર્શન અનુસાર રાજય સરકારશ્રી દ્વારા તરત જ કામ શરૂ કરી દેવાતાં રાજયમાં ઝડપથી વધુ સમૃધ્ધિ આવશે. તેમણે કહ્યું કે રાજય સરકારશ્રીનાં કૃષિ મહોત્સવ અને કૃષિલક્ષી વિવિધ અભિયાનોને લીધે ખેડૂતોની આવક અને સુખાકારીમાં નોંધપાત્ર વધારો થયો છે. નર્મદાના નીરથી બનાસકાંઠા જિલ્લાના પશ્ચિમ વિસ્તારને સરસ ફાયદો થયો છે. મંત્રીશ્રીએ જણાવ્યું કે ખેડૂતોના ખેતરો સુધી ઝડપભેર નર્મદાનું પાણી પહોંચાડવા માટે રાજય સરકારશ્રી દ્વારા સફળતાપૂર્વક સંગીન પ્રયાસો કરવામાં આવ્યા છે. તેમણે કહ્યું કે બનાસકાંઠા જિલ્લામાં નર્મદાની કેનાલો માટે સંપાદીત થયેલ જમીનોના વળતર પેટે ખેડૂતોને રૂ. ૮૯.૫૦ કરોડ ચુકવવામાં આવ્યા છે.

## મોડાસાના ગણેશપુરા કંપા પાસે જાયલો ગાડી પલટી જતાં પાંચને ઈજા

મોડાસા, તા. ૨૮

અરવલ્લી જિલ્લાના મોડાસા-શામળાજી હાઈવે પર આવેલા ગણેશપુરા કંપા પાસે પસાર થતી ઝાયલો જીપ ગાડીનું ટાયર ફાટી જતાં ગાડી પલટી થઈ નજીકના ખાડામાં ખાબકી હતી. આ સર્જાયેલ અકસ્માતમાં ઝાયલો જીપગાડીમાં સવાર રાજસ્થાન પરિવારના પાંચ સભ્યો ઈજા પામ્યા હતા.

મોડાસા શામળાજી માર્ગ પર ટીંટોઈ નજીક આવેલા ગણેશપુરા કંપાની સીમમાંથી પસાર થઈ રહેલી ઝાયલો જીપગાડીનુ ટાયર ચાલુ ગાડીએ અચાનક ફાટી જતાં જીપગાડી હવામાં ફંગોળાઈ ત્રણ-ચાર પલટી ખાઈ ખાડામાં પડી હતી. જેમાં રાજસ્થાનના ઉદેપુર જિલ્લાના ખેરવાડા તાલુકાના બાવલવાડા ગામના પ્રજાપતિ પરિવારના મહિલા પાર્વતીબેનને લકવાની સારવાર માટે નડિયાદની ખાનગી હોસ્પિટલમાં લઈ ગયા હતા. સારવાર કરાવ્યા બાદ મંગળવારના રોજ પરત પોતાના વતનમાં જાયલો જીપગાડીમાં મુસાફરી કરી રહેલા પરિવારના સભ્યોને ટાયર ફાટતાં અકસ્માત સર્જાયો હતો. જેમાં જીપગાડીમાં સવાર પાંચ વ્યક્તિઓને ઈજાઓ પહોંચી હતી. જેમને હાઈવે ઓથોરીટીની એમ્બ્યુલન્સ ગાડીમાં મોડાસાની સાર્વજનિક હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.



(તસવીર : જય અમીન, મોડાસા)

ઈજાગ્રસ્તમાં પાર્વતીબેન રતનલાલ પ્રજાપતિ, કનૈયાલાલ થાવરાજી પ્રજાપતિ, શવજીભાઈ મુસનાભાઈ કુંભાર, અમરતબેન દિનેશકુમાર પ્રજાપતિ, શારદાબેન દિનેશકુમાર પ્રજાપતિનો સમાવેશ થાય છે.





(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

### જનજાગૃતિ માટે નગરપાલિકા દ્વારા કાર્યક્રમ

દુર્ઘટનાઓ સામે લોકોમાં જાગૃતિ માટે ભૂકંપ જેવી કુદરતી દુર્ઘટનાઓ સામે લોકોમાં જાગૃતિ અને સલામતીની સચેતના ઉભી થાય તે આશયથી ખેડબ્રહ્મા નગરપાલિકાના ફાયરબ્રિગેડ વિભાગ દ્વારા તા. ૨૧ થી ૨૬ જાન્યુઆરી દરમ્યાન શહેરના વિવિધ સ્થાનોમાં કાર્યક્રમો યોજેલ છે. જેનું આયોજન સેનેટરી ઈન્સ્પેક્ટર નરેન્દ્રસિંહ પરમાર, જે.જી. ચાવડા, મહોબતસિંહ પરમારે કર્યું હતું.

## દામાવાસ પંચાયતના સરપંચની ચૂંટણી પ્રચાર પૂર ઝડપે

ખેડબ્રહ્મા, તા. ૨૮

ખેડબ્રહ્મા તાલુકાની દામાવાસ પંચાયતના સરપંચ અને ત્રણ વોર્ડના સભ્યોની પેટા ચૂંટણી માટે ઉમેદવારી ફોર્મની ચકાસણી પછી ચૂંટણીનું ચિત્ર સ્પષ્ટ થતા ચૂંટણી પ્રચારે વેગ પકડ્યો છે. સરપંચની પેટા ચૂંટણી માટે બે ઉમેદવારોએ ઝંપલાવ્યુ છે. જેમાં શ્રવણભાઈ ભગાભાઈ ડાભી તથા પનાજી ધીરાજી દરંગા વચ્ચે જંગ જામ્યો છે. સરપંચ તથા ત્રણ વોર્ડની પેટા ચૂંટણી અનુસૂચિત જનજાતી સામાન્ય બેઠેક હોવાથી મતદારોમાં ઉદાસીનતા જોવા મળે છે. સરપંચ તથા ત્રણ વોર્ડની પેટા ચૂંટણી આગામી ૮ ફેબ્રુઆરીએ યોજાશે.

## પાલનપુર સબજેલમાં મેડીકલ કેમ્પ યોજાયો

પાલનપુર, તા. ૨૮

પાલનપુર સબજેલમાં કેદીઓ માટે પાલનપુર ઈન્ડીયન મેડીકલ એસો. દ્વારા મેડીકલ કેમ્પ યોજાયો હતો. મેડીકલ કેમ્પમાં આઈ. એમ. એ.ના પાલનપુરના પ્રમુખ ડૉ. સુરેન્દ્ર ગુપ્તા, ડૉ. સલીમ શેખ, સહિતના તબીબોએ ૨૦૦ થી વધુ કેદીઓની શારીરિક તપાસણી કરી હતી. કેમ્પસમાં મુખ્યત્વે ચામડીના રોગો અને માનસીક રોગોનું પ્રમાણ વધુ જોવા મળ્યું હતું. જ્યારે કેદીઓને જરૂરી સારવાર અને દવાઓનું પણ વિનામુલ્યે વિતરણ કરવામાં આવ્યું હતું.

## 'ગાંધીનગર સમાચાર'માં છપાયેલ અહેવાલને પગલે

# અરવલ્લી જિલ્લા કલેકટર ધ્વારા રાષ્ટ્રધ્વજ ન ફરકાવનાર ૩ ચેકપોસ્ટને નોટીસ

### ફલેગ કોડ ઓફ ઈન્ડીયા ૨૦૦૨ અંર્તગત નોટીસ ફટકારી ત્રણ દિવસમાં ખુલાસો મંગાયો

(જીતેન્દ્ર પટેલ) મોડાસા, તા.૨૭

અરવલ્લી જિલલા માં ૬૬ મા પ્રજાસત્તાક પર્વ ની ભીલોડા ખાતે સંસદીય સચીવ ના હસ્તે રાષ્ટ્રધ્વજ ફરકાવી ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી ત્યારે આ સમગ્ર જિલ્લા માં આ પર્વ ની સમગ્ર જિલ્લાવાસીઓ ધામધુમ થી ઉજવણી કરી રહયા હતા ત્યારે અરવલ્લી જીલ્લા ની ચેકપોસ્ટ પર આવેલી ત્રણ સરહદો ને જાણે રાષ્ટ્રપર્વ ની કઈ ના પડી હોય તેમ આ પર્વ નિમિત્તે આ ત્રણેય સરકારી કચેરી ના અધિકારીઓ રાષ્ટ્રધ્વજ ફરકાવાનુ જ ચુકી ગયા હતા જે અંગે ના અહેવાલ આજ રોજ ગાંધીનગર સમાચાર માં પ્રસીધ્ધ થયા હતા જે અહેવાલ ની નોંધ લઈ અરવલ્લી જીલ્લા કલેકટર બી.જે.ભટ્ટ ધ્વારા આ ત્રણેય ચેકપોસ્ટ ના અધિકારીઓ ને કારણ દર્શક નોટીસ પાઠવી હતી અને દિન ૩ માં ખુલાસો કરવા જણાવુ હતુ

સમગ્ર ભારત ભરમાં પ્રજાસત્તાક પર્વ ની ગૌરવભેર ઉજવણી કરવામાં આવી હતી ત્યારે આ રાષ્ટ્રીય પર્વ નિમિત્તે સમગ્ર સરકારી કચેરી માં ધ્વજવંદન કરવાનુ ફરજીયાત હોવા છતાં ફલેગ કોડ ઓફ ઈન્ડીયા ૨૦૦૨ ના અધિનિયમ હેઠળ અરવલ્લી જીલ્લા ની મહતવની અને મોટી ગણાતી ત્રણ ચેકપોસ્ટ જેમાં આરટીઓ ચેકપોસ્ટ ફોરેસ્ટ ચેકપોસ્ટ તેમજ સેલટેક્ષ ચેકપોસ્ટ પર પ્રજાસત્તાક પર્વ નિમિતતે ધ્વજવંદન જ કરાયુ ન હતુ આ અંગે ના સમાચાર ગાંધિનગર સમાચાર માં પ્રસીધ્ધ થયા હતા જે જીલ્લા કેકલટર બી.જે.ભટ્ટ ને ધ્યાને આવતા તેમણે આ તમામ કચેરીઓ ને ફલેગ કોડ ઈન્ડીયા ૨૦૦૨ ના નિયમ હેઠળ કારણદર્શક નોટી ફરટકારી દિન ૩ માં લેખીત ખુલાસો કરવા જણાવ્યુ હતુ જો આ તમામ કચેરીઓ ત્રણ દિવસ માં સંતોષકારક જવાબ આપવામાં નીષ્ફળ નીવડે તો ફલેક કોડ ના નિયમ અનુસાર કડક કાર્યવાહી હાથ ધરવાની તાકી કરાઈ કરાઈ છે અને પ્રિવેશન ઓફ ઈન્સલટન્સ ટુ નેશનલ ઓનર એકટ ૧૯૭૧ હેઠળ જરૂરી કાર્યવાહી કરવાનુ જણાવ્યુ હતુ નવાઈ ની વાત તો એ છે કે જે બંધરાણ મુજબ ભારત એ પ્રજાસત્તાક દેશ છે. જે ભારત ની રાજય ની સરકાર ના કર્મચારીઓ લાખો રૂપિયાનો પગાર લે છે.અને આવા રાષ્ટ્રીય તહેવાર નિમિત્તે

રાષ્ટધ્વજ ફરકાવાનુ ભુલી જાય તે એક ખરેરખર શરમજનક બાબત છે.જયારે આના માટે જરૂરી કડક પગલા ભરી દાખલો બેસાડવો જોઈએ ત્યારે અરવલ્લી જીલલા કલેકટર ની આ પ્રશંસનીય કામગીરીર ને દેશપ્રેમી લોકો આવકારી રહયા છે.





(તસવીર : સમીર બલોચ, મોડાસા)

## ડીસામાં હાઈવે વિસ્તારની અંબર સોસાયટીમાં ૩ લાખની ઘરફોડ ચોરી

ડીસા, તા. ૨૮

ડીસામાં ચોરીનો ઉપદ્રવ યથાવત રહેતા ઠંડીના ચમકારાનો લાભ ઉઠાવી તસ્કર ગેંગે ગત રાત્રીએ એક બંધ મકાનમાં ચોરી કરી હતી અને સોના ચાંદીના દાગીના તથા રોકડ રકમ સહીત અંદાજીત ત્રણ લાખ જેટલી ચોરી કરી તસ્કરો ભાગી છૂટ્યા હતા જેનાથી નાગરિકોમાં તસ્કર ગેંગનો આંતક છવાયો છે.

બનાસકાંઠાના ડીસામાં સહુથી વધુ પોલીસ ચોપડે ચોરીની ધટના નોધાઈ છે. જેમાં અજાણ્યા તસ્કરો બંધ મકાનને નિશાન બનાવી કલાકોમાં પીડિતોની વર્ષોની કમાણી પડાવી પલાયન થતા લોકો ચોરીના ભયથી ફફડી રહ્યા છે ત્યારે વધુ એક ચોરીનો બનાવ ડીસા હાઈવે સ્તીથ ઈસ્કોન -ઈ૩ નજીક આવેલી અંબર સોસાયટીમાં નોધાયો છે. અહી ગત રાત્રીએ પુખરાજભાઈ બબાજી પઢિયાર મકાન માલિક તેમના સબંધીના લગ્ન -સંગેના કામ અર્થે બહાર ગયા હતા ત્યારે અજાણ્યા તસ્કરો મકાનનું તાળું તોડી અંદર ધૂસ્યા હતા અને તિજોરીમાંથી અંદાજીત ચાર કીલો ચાંદીના દાગીના, પાંચ તોલા સોનાના દાગીના તેમજ રોકડ રકમ સહીત કુલ રૂપિયા ત્રણ લાખ પાંચસોથી વધુની માલમત્તા ચોરી કરી હતી, તે બાદ તસ્કરો ભાગી છૂટ્યા હતા જોકે તે બાદ આ મામલાની મકાન માલિકને જાણ થતા તેમને ડીસા તાલુકા પોલીસ મથકે આ મામલાની ફરિયાદ નોધાવી છે.

આ મામલાની ડીસા તાલુકા પોલીસ ઈન્સ્પેકટર રઘુવરસીહ ભદોરિયાને જાણ થતા તેમને તાત્કાલિક ગુના સ્થળે પહોચી તસ્કરોની ભાળ મેળવવા તપાસ હાથ ધરી હતી, તેમજ આ અજાણ્યા તસ્કરોને ઝડપી પાડવા એફ.એસ.એલ. અને ડોગ સ્કોડની મદદ માંગી હતી.

## હિંમતનગરમાં મોડાસીયા કડવા પાટીદાર સમાજનો સમૂહ લગ્નોત્સવ યોજાયો

પ્રાંતિજ, તા. ૨૮

સાબરકાંઠાના મોડાસીયા કડવા પાટીદાર સમાજનો ૪૩મો સમૂહ લગ્નોત્સવ તાજેતરમાં હિંમતનગર સમાજવાડી ખાતે યોજાયો હતો. જેમાં ૩૩ યુગલોએ પ્રભુતામાં પગલા માંડ્યા હતા. હિંમતનગર મુકામે આયોજીત મોડાસીયા કડવા પાટીદાર સમાજના સમુહ લગ્નોત્સવ ભોજનદાતા ગઢોડા નિવાસી લખાભાઈ પટેલ પરિવારના મુખ્ય યજમાન પદે યોજાયો હતો. સમૂહ લગ્નોત્સવમાં દાતાઓ તરફથી કન્યાઓને ઘરવખરી સહિતની અનેક ભેટ સોગાદો કન્યાદાન સ્વરૂપે અર્ણ કરી જરૂરી પ્રોત્સાહન પુરૂ પાડ્યું હતું. જ્યારે જિલ્લા રેડક્રોસ સોસાયટીના સૌજન્ય દ્વારા રક્તદાન શિબિરનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં યુવાનોએ અંદાજીત ૬૫ જેટલી બોટલો રક્તદાન કર્યુહતુ. આ પ્રસંગે દાતાઓનું પણ વિશેષરૂપે સન્માન કરવામાં આવ્યું હતું. સમુહલગ્નોત્સવમાં ઉદ્યોગપતિ સી.કે. પટેલ, હસમુખભાઈ પટેલ, સરદાર ધામ અમદાવાદના ગગનભાઈ, પૂર્વ ધારાસભ્ય પ્રફુલભાઈ પટેલ વગેરે મહાનુભાવો ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને પ્રેરક ઉદ્બોધન સાથે નવદંપતીઓને આશીર્વચન પાઠવ્યા હતા.



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

બનાસકાંઠા જિલ્લાના ભાભર તાલુકાના સુથારનેસડી મુકામે સામાજિક ન્યાય અને અધિકારીતા તથા સામાજિક અને શૈક્ષણીક રીતે પછાત વર્ગોનું કલ્યાણ વિભાગ તેમજ બનાસકાંઠા જિલ્લાના પ્રભારી મંત્રીશ્રી રમણલાલ વોરાના હસ્તે ભાભર તાલુકામાં નર્મદા યોજનાની અન્ડરગ્રાઉન્ડ પાઈપલાઈન સબમાઈનોર કેનાલના બાંધકામનું ખાતમુર્હુત કરવામાં આવ્યું હતું. તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને અત્યારે આપણા લોકપ્રિય વડા-પ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની સુચના અને માર્ગદર્શનથી શરૂ થયેલ કૃષિ મહોત્સવ અને કૃષિલક્ષી વિવિધ અભિયાનોને લીધે ખેડૂતોની આવક અને સુખાકારીમાં નોંધપાત્ર વધારો થયો છે. તેમણે કહ્યું કે નર્મદાના નીરની ઘણા વર્ષોથી રાહ જોઈ રહેલા બનાસવાસીઓનું સપનું તત્કાલીન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના પ્રયાસોથી સાકાર થતાં સુકો અને ઉજ્જડ ગણાતો આ વિસ્તાર હરિયાળો અને સમૃધ્ધ બની રહ્યો છે.

## જોધપુર ગામે વહેમી પતિએ પત્નીને મોતને ઘાટ ઉતારી પોતે પણ ઝેરી દવા ગટગટાવી લેતા બન્નેના મોત

ભીલોડા, તા. ૨૮

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના જોધપુર ગામે વહેમી પતિએ પત્નીનું ખુન કરી પોતે પણ ઝેરી દવા પી મરણ જતાં આખોય પંથક ટોક ઓફ ધ ટાઉન બન્યો છે.

બનાવની વિગત એવી છે કે તા.૨૭/૧/૦૧૫ ને ૨૧:૦૦ના સુમારે થી તા.૨૮/૧/૦૧૫ ૧૦:૨૫ કલાક દરમ્યાન કોઈ પણ વખતે જોધપુર ગામે વહેમી પતિ અશોકભાઈ નવજીભાઈ ભગોરા, રહે.જોધપુરનાઓએ પત્ની ઈન્દીરાને ચારીત્ર્ય બાબતે શંકા કરી મારઝુડ કરતો હતો. તે પછી રાત્રીના સમયે કોઈ પણ વખતે માર મારી ઈજા કરી તેણીનું ખુન કરી આરોપી પતિએ પણ સવારના સમયે પોતે પોતાની જાતે ઝેરી દવા પી જતાં આરોપીને ભિલોડા સીવીલમાં સારવાર માટે લવાયો હતો. તે પછી ગંભીર જણાતાં હિંમતનગર સીવીલમાં વધુ સારવાર માટે ખસેડાયો હતો. ત્યાં તેનું પણ મરણ થયેલ છે.ઈન્દીરાબેનના ભાઈ નરેશભાઈ બરંડાએ ભિલોડા પોલીસ સ્ટેશને ફરીયાદ કરતાં ભિલોડા પોલીસે ધારાધોરણ મુજબ કાર્યવાહી કરી ઈ.પી.કો. કલમ ૩૦૨ મુજબ ગુનો દર્જ કરેલ છે. ભાણમેર ગામના નરેશભાઈ શીવાભાઈ બરંડાની બહેન ઈન્દીરા, ઉં.વ.૪૦ ને અશોકભાઈ નવજીભાઈ બરંડા, રહે. જોધપુર સાથે પરણાવેલ હતી.શક વહેમના કારણે અવાર-નવાર મારઝુડ અને કલેશ કંકાશ અને ચારીત્ર્ય બાબતે શક-વહેમ ચાલતો હોઈ પત્નીનું ખુન કરી પોતે પણ કોઈ ઝેરી દવા પી જીવનનો અંત આણ્યો હોવાનું જાણવા મળ્યું છે.

## બામણા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેમાં પ્રજાસત્તાક પર્વની ઉજવણી

સ્વ. શાંતાબેન હરગોવિંદદાસ જોષી અને ભુલેશ્વર કડુરામ જોષી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજમાં પ્રજાસત્તાક પર્વની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં દિનેશભાઈ ભટ્ટના વરદ્ હસ્તે ધ્વજવંદન કરવમાં આવ્યું હતું. કોલેજના વિદ્યાર્થીઓએ જનજાગૃતિના નાટકો કરી ગ્રામજનોને જાગૃત થવાની હાકલ કરી હતી. કોલેજના આચાર્ય ડૉ.કલ્પનાબેન પટેલ, સંસ્થાના પ્રમુખ હસમુખભાઈ ત્રિવેદી, ઉપપ્રમુખ દુર્ગાશંકર જોષી, મંત્રી જગદીશભાઈ જોષી, મહેન્દ્રભાઈ ભટ્ટ, કોલેજના અધ્યાપકો, કોલેજનો શૈક્ષણિક, બિનશૈક્ષણિક સ્ટાફ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા.



તસ્વીર : જીત ત્રિવેદી, ભિલોડા

ભિલોડા તાલુકાની ધંધાસણ પ્રાથમીક શાળ નં.૧માં ૬૬માં પ્રજાસત્તાક દિનની ઉજવણી નિમિત્તે ભુતપુર્વ ૫૦ જેટલા વિદ્યાર્થીઓનું શાલ ઓઢાડીને આચાર્ય પ્રજ્ઞાબેન કે.ડામોર, સ્ટાફ,એસ.એમ.સી.ના સભ્યો તેમજ ગ્રામજનો, બાળકો ઉત્સાહપુર્વક સાંસ્કૃતિક કાર્યક્રમો રજુ કર્યા હતા. બાળકોની કલા, શિક્ષણ પ્રત્યેનો લગાવ વિગેરે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

## પાલનપુરમાં લશ્કર અને પોલીસ ફોર્સમાં જોડાવા ઈચ્છતા ઉમેદવારો માટે વિનામૂલ્યે તાલીમ

પાલનપુર, તા. ૨૮

જિલ્લા રોજગાર કચેરી પાલનપુર દ્વારા લશ્કર તથા પોલીસ ફોર્સમાં જોડાવવા ઈચ્છુક ઉમેદવારો માટે ભરતી પૂર્વેની એક માસની વિનામૂલ્યે નિવાસી તાલીમ યોજના eEMPEX-B હેઠળ ફેબ્રુઆરી-૧૫ માં તાલીમ આપવામાં આવનાર છે. તો લાયકાત ધરાવતા ઉમેદવારોએ પોલીસ પરેડ ગ્રાઉન્ડ પાલનપુર ખાતે તા. ૦૧-૦૨-૨૦૧૫ ના સમય સવારે ૭ વાગે હાજર રહેવા જણાવવામાં આવ્યુ છે. નિવાસી તાલીમમાં પસંદગી પામેલા ઉમેદવારોને ૩૦ દિવસ સુધી વિનામૂલ્યે તાલીમ આપવામાં આવશે.

વધુમાં જણાવ્યા પ્રમાણે પોલીસ ફોર્સમાં જોડાવવા ઈચ્છુક ઉમેદવારો કે જેઓના શારીરિક કસોટીના ઈન્ટરવ્યુ તા. ૧૫-૦૨-૨૦૧૫ માં પૂર્ણ થનાર હોય તેવા ઉમેદવારો જોડાઈ શકશે નહિ. જેની નોંધ લેવી તથા રાજય કક્ષાનો લશ્કરી ભરતીમેળો પોલીસ પરેડ ગ્રાઉન્ડ હિમતનગર ખાતે યોજાનાર છે તેમાં બનાસકાંઠાના ઉમેદવારો માટે તા. ૦૯-૦૩-૨૦૧૫ તથા તા.૧૦-૦૩-૨૦૧૫ ની તારીખ આપવામાં આવેલ છે. તેમાં ભાગ લેનાર ઉમેદવાર ઉત્સાહભેર આ નિવાસી તાલીમમાં ભાગ લઈ શકશે.

અગાઉના નિવાસી તાલીમ વર્ગમાં તાલીમ લીધેલ હોય તેવા ઉમેદવારોએ તાલીમમાં હાજર રહેવું નહિ. તેની ખાસ નોંધ લેવા જિલ્લા રોજગાર અધિકારીશ્રી પાલનપુર દ્વારા જણાવાયું છે.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD
Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર

મોર્ડન મોટર્સ

ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY

સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર

ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર
TATA
ઓથોરાઈઝ્ડ ડીલર
Castrol
EXIDE INDUSTRIES LIMITED
BRIDGESTONE PASSION for EXCELLENCE
JK TYRE

ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦